જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૨/૨૦૧૬ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૩૩ લીટર દેશી દારૂ, ૨૩૭ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૮૦ બિયર ટીન, ૨ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી, રોકડ રૂપિયા ૧૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૪/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** રોહીતકુમાર અંબાલાલ પટેલ (રહે. શુકન રેસીડેન્સી જે.કે.પાર્કની સામે ગોતા રોડ ચાંદલોદીયા) એ તા.૨૦/૧૨/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૫/૧૬ થી તા.૨૩/૫/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મહર્ષિભાઇ પ્રવિણભાઇ દવે (રહે. શુકન રેસીડેન્સી જે.કે.પાર્કની સામે ગોતા રોડ ચાંદલોદીયા) એ રોહીતકુમાર પટેલને બેંગકોક ખાતે ટુરમા લઇ જઇ ટુરમા સગવડો નહી આપી રૂપિયા ૧૧,૫૦,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ કે શ્રીમાળી ચલાવે છે.

**નવરંગપુરાઃ** અરૂણભાઇ ગીરધારીભાઇ અગ્રવાલ (રહે.રુચા એપાર્ટમેન્ટ. સદભાવ કોલોની એ.એમ.સી. કવાટર્સ સામે લો ગાર્ડન નવરંગપુરા) એ તા.૨૦/૧૨/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના પુત્રના લગ્ન માટે આરોપી ડીમ્પલબહેન નીતીનભાઇ રાવલ (રહે. નારાયણ ધામ બંગ્લોઝ, હેબતપુર ચાર રસ્તા પાસે, થલતેજ) ને ઇવેન્ટનું કામ કાજ સોંપેલ જેનું કોટેશન રૂપિયા ૨૩,૨૮,૫૦૦/- આપેલ જે પેટે અરૂણભાઈએ ડીમ્પલબહેનને રૂપિયા ૬,૦૦,૦૦૦/- આપેલ પરંતુ લગ્ન બંધ રહેતા તા.૧૩/૩/૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રૂપિયા પરત માંગતા રૂપિયા નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી બી રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૫૫/૧૬</u>**

**ગુજરાત યુનિવર્સિટીઃ** શંકરલાલ નેનુરામ કુમાવત (રહે. નવી ચાલી બાલપ્રસુન્ન સ્કુલની સામે મેમનગર) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૨/૧૬ રાતના ૧૦/૦૦ થી તા.૨૦/૧૨/૧૬ કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન હેલ્મેટ ચાર રસ્તા પાસે આવેલ કોમ્પ્લેક્ષ ખાતે ચારભુજા આઈસ્ક્રીમ નામની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કાઉન્ટર માંથી રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- તેમજ સી.સી.ટી.વી કેમેરાનુ રેકોર્ડીંગ સીસ્ટમ કિમત રૂપિયા ૭૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે આર ભાચકન ચલાવે છે.

**<u>લુંટની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૫૬/૧૬</u>**

**સોલા હાઈકોર્ટઃ** ભગારામ રાણારામ મેઘવાલ (રહે.ગામ-ગાહેસરા તાલુકો-સીણદરી જીલ્લો-બાડમેર રાજસ્થાન) તા.૨૦/૧૨/૧૬ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે એસ.પી.રીંગરોડ ઓગણજ ટોલનાકા નજીક રોડની સાઇડમા ટ્રક પાર્ક કરી ભગારામ મેઘવાલ અને તેમના શેઠ બાવળની ઝાડીઓમા કુદરતી હાજત કરવા ગયા હતા ત્યારે (૩૫ થી ૪૦ વર્ષના આશરાના) અજાણ્યા ચાર માણસોએ આવી લાકડાના ધોકાથી માર મારી મોબાઇલ ફોન નંગ-૨ કિમત રૂપિયા ૯,૨૦૦/- અને રોકડ રૂપિયા ૨૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૦,૨૦૦/- મત્તા સાથે ગાડીની આર.સી.બુક તથા પાનકાર્ડની લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભગારામ મેઘવાલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ કે શ્રીમાળી ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૫૭/૧૬</u>**

**નિકોલઃ** સમીર શરદકુમાર ઝા (રહે. નિલગીરી પાર્ક સોસાયટી સ્મુતિ મંદિર રોડ નિગમ બસ સ્ટેન્ડ પાસે ઘોડાસર વટવા) એ તા.૨૦/૧૨/૧૬ કલાક ૧૧/૦૦ થી ૧૩/૦૦ વાગ્યા દરમ્યાન કઠવાડા જી.આઇ.ડી.સી રોડ કિષ્ણા એન્જીનિયરીંગ વેદ નામની ફેકટરીના દરવાજા આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી લીનોવા કંપનીનુ લેપટોપ, એલ.જી.કંપનીનો મોબાઈલ ફોન, પેન ડ્રાઇવ નંગ-૪, ડેટા કોડ મળી કુલ રૂપિયા ૩૦,૫૦૦/- તથા ચુટણી કાર્ડ, આધાર કાર્ડ, ક્રેડીટ કાર્ડ, અલગ અલગ શાખાના ચેક બુકની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ અંગેની ફરીયાદ સમીર ઝા એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.

**વટવાઃ** પ્રતાપસીંગ જેઠસીંગ રાજપુત(રહે.ગામ-ચતરપુરા ગત્રાડની બાજુમાં દસસ્કોઇ) એ તા.૨૦/૧૨/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧૨/૧૬ કલાક ૧/૩૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન જેતલપુર ખાતે આવેલ પ્રકાશ પેટ્રોલપંપની પાસે પાર્ક કરેલ પોતાની ટ્રકના રસ્સા કાપી ટ્રકમાંથી કાપડની ગાસડીઓ નગં-૬૮ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- અને ઇલેક્ટ્રીક મોટર નંગ-૨૩ મળી કુલ કિમત રૂપિયા ૩,૯૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એસ એ ગોહીલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)